R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા ( ) ના ( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૫૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR-18•ISSUE:34 DATE:23-08-2014•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

ભારતની પ્રજા નકલી સપનાની જાળમાં ફસાઇ ગઇ છે : સોનિયા ગાંધી

નવી દિલ્હી ખાતે રાજીવ ગાંધીની ૭૦મી જન્મ જયંતિ નિમિત્તે આયોજીત એક કાર્યક્રમાં કોંગ્રેસ અધ્યક્ષાએ જણાવ્યું હતું કે ભાજપે લોકોને વેબસાઈટ પર નકલી સપનાં દેખાડ્યા હતા.અને લોકો તેમની જાળમાં ફસાઈ ગયાં છે.તેમણે કહ્યું હતું કે એનડીએ સરકારની પોતાની કોઈ નીતિ નથી અને તે યુપીએ સરકારના શાસનકાળની યોજનાઓ અને કાર્યક્રમોની નકલ કરી તેને આગળ વધારી રહી છે.અને તેનો શ્રેય લઈ રહી છે.અમે ઘણું બધું કર્યુ હોવા છતાં કેટલાક લોકોએ જાળ પાથરી અને જનતા તેમાં ફસાઈ ગઈ. અમારા કામ અને ઉપલબ્ધીઓ આગળ આંખ આડા કાન કરવામાં આવ્યા અને જુઠા સપના દેખાડનારા આગળ નીકળી ગયા.તેમના પક્ષના કાર્યકર્તાઓને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે હાર-જીત જીવનનો એક ભાગ છે.તેનાથી હતોત્સાહ થવાની જરુરત નથી.કોંગ્રેસ ચોક્કસથી સત્તા પર પાછી ફરશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે કોંગ્રેસ મહિલા અનામત ખરડોને શક્ય એટલી જલ્દીથી પસાર કરવા એનડીએ સરકાર પર દબાણ લાવશે.મહિલા અનામતથી મહિલાઓનો વિકાસ થશે.

ભારતે પાકિસ્તાન સાથે મંત્રણાના દરવાજા બંધ કર્યા

ભારતે પાકિસ્તાન સાથે મંત્રણાના તમામ દ્વારો બંધ કરવાનો નિર્ણય લીધો છે.૨૫ ઓગષ્ટના રોજ યોજાનારી સચિવ કક્ષાની બેઠક આ નિર્ણય બાદ રદ કરી દેવાઈ હતી.વારંવાર જાણી જોઈને સરહદ થતા યુધ્ધવિરામનો ભંગ તેમજ ઉલંઘન અને દિલ્હીમાં પાક. ઉચ્ચાયુક્તે કાશ્મીરના અલગાવવાદી નેતા શબ્બીર શાહ સાથે મુલાકતત યોજતાં ભારતે આ નિર્ણય લીધો હતો.

વિદેશ મંત્રાલયના પ્રવકતા સૈયદ અકબરુદીને જણાવ્યું હતું કે અલગાવવાદીઓ સાથે પાકિસ્તાના ઉચ્ચાયુકતની વાતચીત યોગ્ય નથી.તેનાથી માહોલ બગડ્યો છે.આવા માહોલમાં સચિવસ્તરની વાતચીતનો કોઈ અર્થ નથી.ફકત દ્વીપક્ષી વાતચીતથી જ સમસ્યાનો ઉકેલ લાવી શકાશે.આ વાતચીત સીમલા કરાર અને લાહોર ધોષણાપત્રની મર્યાદામાં થવી જોઈએ.તેમણે એમ પણ કહ્યું હતું કે ભારતના આંતરિક મામલામાં કોઈની પણ દખલગીરી ચલાવી લેવામાં આવશે નહી.રક્ષામંત્રીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન અને ત્યાંની શક્તિઓ એવું નથી ઈચ્છી રહ્યા કે ભારત અને પાકિસ્તાનના સબંધો સુધરે.પાકિસ્તાનની લોકશાહી સરકારનો પ્રભાવ ઓસરી રહ્યો છે.અન્ય પરિબળો વધુ મજબુત બન્યા છે.

રોડના ખર્ચની વસુલાત બાદ ટોલટેક્ષ નહી ઉઘરાવાય : ગડકરી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતીન ગડકરીએ લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય ધોરી માર્ગો પર બનનારા ટોલ રોડના નિર્માણના ખર્ચની વસુલાત થઈ ગયા બાદ વાહન ચાલકો પાસેથી ટોલટેક્સ લેવામાં નહીં આવે. તેમણે કહ્યું હતું કે યુપીએ સરકારના શાસનમાં હાઈવેના નિર્માણનું ૭૫ ટકા કામ પુરુ થયા બાદ વાહનચાલકો પાસેથી ટોલટેક્સ લેવામાં આવતો હતો.અને ખર્ચની વસુલાત થયા બાદ પણ રસ્તા રખરખાવના નામે ૪૦ ટકા ટોલની વસુલાત કરવામાં આવતી હતી.અમારી સરકારે તે ટેક્સ બંધ કરી દેવાનો નિર્ણય કર્યો છે.વધુમાં ટોલરોડનું નિર્માણનું ૧૦૦ટકા કામ પુરુ થયા પહેલાં ટેકસ લેવામાં આવશે નહી.કેન્દ્ર સરકારે આવી જાહેરાત કરીને સામાન્ય નાગરિકોને મોટી રાહત આપી છે.

ઓડીસામાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ થયેલ હુલ્લડોમાં ચર્ચોને થયેલ નુકશાન પેટે વળતર નહી મળે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ આપેલ એક ચુકાદામાં જણાવ્યું હતું કે ઓડીસાના કંદમાલ જીલ્લા ૨૦૦૭માં ખ્રિસ્તી વિરુધ્ધ ફાટી નિકળેલ હુલ્લડો દરમિયાન ચર્ચો થયેલ નુકશાન પેટે કોઈ વળતર અપાશે નહી.કારણકે ચર્ચોને પરદેશી મદદ મળે છે.

સીનીયર કાઉન્સીલ કોલીન ગોન્ઝાલવીસે કોર્ટને અપીલ કરતાં જણાવ્યું હતું કે માત્ર લોકોને નુકશાન પહોચ્યું છે તેવું નથી પરંતુ ચર્ચોને પણ નુકશાન પહોચ્યું છે.અને તેમનો કોઈપણજાતનું વળતર મળ્યું નથી.

જસ્ટીશ કે.એલ.દત્તુ કે જે ત્રણ જજોની બેંચના અધ્યક્ષ છે તેમણે ગોન્ઝાલવીસને કહયું હતું કે મોટા ભાગના ચર્ચોને પરદેશી સરકારો તરફથી મદદ મળી છે. તેથી તમારે ચર્ચની ખુરશીઓ અને ઘંટ માટે વળતર માંગવાની જરુર નથી.

મી. ગોન્ઝાલવીસે બેંચની સમક્ષ દલીલ કરતાં જણાવ્યું હતું કે ઓડીસાએ વળતર ચુકવવું જોઈએ કારણકે હુલ્લડખોરોએ ચર્ચોને નુકશાન પહોચાડ્યું હતું.પરંતુ ત્રણ જજોની બેંચે તેમની અપીલ ખારીજ કરી હતી જે લોકો રાહત શિબિરોમાં ડાયરીયા,કોલેરા, સર્પદેસની મૃત્યુ પામ્યા હોય તેમને વળતર આપવાની મના કરી હતી.

જસ્ટીશ દત્તુએ કાઉન્સેલને કહ્યું હતું કે આવી અપીલ કરશો નહીં.તમે ચંદ્ર માંગી શકો છો સુરજ નહી.તમે જવાબદાર વ્યક્તિ છો.આમ ચર્ચોને નુકશાની આપવાની મેટરને સુપ્રીમ કોર્ટે મનાઈ ફરમાવી દીધી હતી.કંધમાલમાં થયેલ વ્યાપક હિંસામાં ૫૦ હજારથી વધુ લોકો વિસ્થાપિત બન્યા હતા.૩૦૦ ચર્ચો તોડી પડાયા હતા.૫૬૦૦ ઘરો જમીનદોસ્ત કરાયાં હતા.

અમેરિકન પત્રકાર જેમ્સનો ઇસીસ દ્વારા વધ કરાયો

આતંકવાદી સંગઠન આઇએસઆઇએસ(ઇસીસે) અમેરિકન પત્રકાર જેમ્સ ફોલેનાનું માથુ કાપતો વીડીયો જાહેર કયી હતો.આ પત્રકાર વર્ષ ૨૦૧૨થી ગાયબ છે. આતંકવાદીઓએ અમેરિકાને ચેતવણી આપી છે કે જો ઇરાકમાં થઇ રહેલા હવાઈ હુમલા બંધ નહીં કરવામાં આવે તો તેમના કબજામાં રહેલા બીજા એક અમેરિકન પત્રકારની પણ આ જ દશા કરવામાં આવશે.અમેરિકા આ વીડીયોની સત્યતા ચકાસી રહ્યું છે. અમેરિકાના પ્રેસિડેન્ટ બરાક ઓબામાએ આ ઘટનાને વખોડી કાઢી હતી.વીડીયોમાં આતંકવાદીની ભાષા પરથી તે બ્રિટીશ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત અફઘાનિસ્તાનની જેલમાં બંધ કરાયેલ પાસ્ટર અબેદીનની પણ હત્યા કરવામાં આવશે તેવી ચેતવણી પણ અમેરિકાને આપવામાં આવી હતી.

ગાધી ચીધ્યા માર્ગે આંદોલન કરી રહેલ ઇરોમ શર્મિલાને ૧૪ વર્ષે કોર્ટે મુકત કરી

છેલ્લા ૧૪ વર્ષોથી જેલમાં બંધ સામાજિક કાર્યકર ઇરોમ ચાનુ શર્મિલાને કોર્ટે મુકત કરવાનો આદેશ આપ્યા બાદ તેનો જેલમાંથી છુટકારો થયો હતો.જેલમાં ફેરવી કાઢેલા હોસ્પીટલના મકાનમાંથી બહાર આવતાં ઇરોમે આંખમાં આસું સહિત પ્રતિજ્ઞા કરતાં જણાવ્યુ હતું કે આફસ્પા(આર્મ્ડ ફોર્સિસ સ્પેશિયલ પાવર્સ એકટ)જ્યાં સુધી રદ નહીં થાય ત્યાં સુધી તેના વિરોધમાં પોતાની લડાઈ તેઓ ચાલુ રાખશે.આ સમયે ઇરોમે જણાવ્યું હતું કે જ્યાં સુધી આફસ્પાનો અન્યાયી કાયદો રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી હું ઉપવાસ ચાલુ રાખીશ. આ સાથે જ તેમણે આફસ્પાને રદ કરવા માટે લોકોના સાથની માંગણી કરી હતી.

વારાણસીમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટનમાં મીડીયાકર્મીઓને માર પડયો

વારાણસીમાં ભારતીય જનતા પાર્ટીનું સંપર્ક કાર્યાલયનું ઉદઘાટન થવાનું હતું.ત્યારે એક શરમજનક ઘટના બની.વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મત વિસ્તારમાં આ સંપર્ક કાર્યાલયનું ઉદઘાટન થવાનું હતું.ભાજપના કાર્યકર્તાઓ દ્વારા આ પ્રસંગે હાજર મીડીયાકર્મીઓને માર મારવામાં આવ્યો હતો.ભાજપના કાર્યકર્તાઓએ ગુંડાગીરીની હદ વટાવી દેતાં સુરક્ષા કર્મીઓએ સ્થિતિ પર કાબુ મેળવવા માટે પ્રયત્ન કરવો પડ્યો હતો.સ્થાનિક લોકોની ફરિયાદો એવી છે કે તેમના અનેક પ્રશ્નો છે જેને ચુંટણી દરમિયાન જાહેર કરવામાં આવ્યા હતા. અને મોદી વડા પ્રધાન બને તો તેનું નિરાકરણ લાવવાનું વચન અપાયું હતું.પરંતુ મોદી વડા પ્રધાન બની ગયા બાદ તેમના પ્રશ્નો નું નિરાકરણ બાજુએ રહી ગયું પરતુ હવે તેમને કોઈ સાંભળતું પણ નથી.સ્થાનિક નેતાઓને આ બાબતે ફરિયાદ કરતાં તેઓ અપશબ્દો કહે છે અને ઝગડો કરે છે.ઉચ્ચ નેતાગીરીને ફરિયાદ કરતાં તેઓ પણ કોઈ ઉકેલ લાવતાં નથી.જો કે સંપર્ક કાર્યાલય દ્વારા લોકોની ફરિયાદોનું નિવારણ લાવવા માટેનો હેતું છે.પરંતુ સામાન્ય લોકોમાં એવી છાપ ઉભી થઈ રહી છે કે લોકો મત લઈને જતા રહ્યા અને પ્રજા છેતરાઈ ગઈ હોઈ તેવો અહેસાસ ઉભો થઈ રહ્યો છ.

કોંગ્રેસને લોકસભામાં વિપક્ષનું નેતાપદ નહી મળે

લોકસભામાં વિપક્ષના નેતાપદ માટેની કોંગ્રેસની માંગણી સ્પીકરે ફગાવી દીધી છે.નિયમાનુસાર આ પદ માટે ગૃહમાં તેમની પાસે ૧૦ ટકા સીટો નથી તેથી તેમને આ પદ આપી શકાય નહી.સ્પીકર પાસે આ બાબતે કોઈ વિશેષાધિકાર હોતોનથી તેમણે સ્થાપિત નિયમાનુંસાર અનુસરવાનું હોય છે.

ગરવી નવક્રાન્તિ સામાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

ગરવી નવક્રાંતિ

હરિયાણાના મુખ્યમંત્રી ભુપેન્દ્રસિંહ હુડા,વડા પ્રધાનની સાથે એક મંચ પર એક મીટીંગમાં બેઠા હતા ત્યારે તેમનો હુરીયો બોલાવાયો હતો.હરિયાણામાં કોગ્રેસની સરકાર છે. અને નજીકના ભવિષ્યમાં ત્યાં ચુંટણીઓ આવી રહી છે.જે જે રાજ્યોમાં કોગ્રેસની સરકારો છે તેને યેનકેન રીતે ઉથલાવી દેવી કે ચુંટણીઓમાં શિસક્ત આપવી એવો ઉદેશ્ય ભારતીય જનતા પાર્ટીનો છે તેનો સંકેત તેના પ્રમુખે તાજેતરમાં આપી દીધો છે. વડા પ્રધાન ચુપચાપ બેઠા બેઠા તમાશો જોયા કરે તે બાબત અનુકુળ આવતી નથી. કારણકે પક્ષના છુપા એજન્ડામાં આવી બાબતને મહત્વ આપવામાં આવ્યુ હોય તો તેવું બની શકે.જાહેરમાં વડાપ્રધાન તરીક જો આમ ના હોય તો તેમણે તેમના કાર્યકરોને ટપારવા જોઈએ.જે ઈમેજ બંધાઈ છે તેને તુટતા વાર નહી લાગે.બીજી વાર ઝારખંડના મુખ્યમંત્રીનો પણ આજ રીતે હુરીયો બોલાવાયો.એટલે એક વાત નક્કી છે કે ભારતીય જનતા પાર્ટીનો છુપો એજન્ડા આ બાબતે કામ કરી રહ્યો હોય તેવો તર્ક ખોટો ઠરે નહી.જો કે ઝારખંડના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સરકારી કાર્યક્રમમાં રાજકીય તાકાત બતાવવાની ના હોય,તેના બદલે બીજા અખાડાઓ છે અને જો તેમ કરવું હોય તો તેઓ તૈયાર છે.

મહારાષ્ટ્રમાં પણ વિધાનસભાની ચુંટણીઓ આવવાની છે અને તેના ભાગ રુપે કાર્યક્રમો યોજાય અને તેમાં ટોચના નેતાઓ હાજર રહે. પ્રોટોકોલ જાળવવા માટે વડાપ્રધાન આવવાની હોય ત્યારે મુખ્યમંત્રીએ હાજરી આપવી પડે.પરંતુ જે રીતે ભારતીય જનતા પાર્ટીએ હરિયાણા અને ઝારખંડમાં રીત અપનાવી તે અહીયા પણ થશે તેમ માનીને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ સમારંભનો બહિષ્કાર કર્યો.રાજય કક્ષાએ મુખ્યમંત્રી પદનું ગૌરવ જળવાય અને રાષ્ટ્રના વડાપ્રધાનનું ગૌરવ જળવાય તે જરુરી છે.જીતના ઉન્માદમાં કોઈપણ પક્ષના કાર્યકરો શરમથી માથુ ઝુકી જાય તેવું વર્તન કરે તે બરાબર નથી.શિસ્ત વગરના કાર્યકરો,સમાજ,રાજ્ય કે દેશ લાયકાત વગરના બની જાય છે.

મંતવ્ય

ભારતીય ક્રિકેટના ખેલાડીઓ પત્તાના મહેલની માફક ગમે ત્યારે ગબડી પડે અને દેશના લોકો તેના માટે ખરખરો કરે તે વર્ષોથી ચાલતી આવતી પ્રકીયા છે.પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં કેટલાક અદ્‌ભુત દેખાવો અને જીતના કારણે આપણી તેમની પાસેથી અપેક્ષાઓ વધી ગઈ છે.ઓસ્ટ્રેલીયામાં ગયેલ ઈગ્લેન્ડની ટીમના બુરા હાલ થયા હતા.ત્યારે ઈગ્લેન્ડના અખબારોએ તેમના ખેલાડીઓની ખબર લઈ નાંખી હતી.તેમના દેખાવનું સ્તર એકદમ નીચે ઉતરી ગયું હતું.આજે આપણા ખેલાડીઓનું સ્તર એકદમ નીચી કક્ષાએ ઉતરી કેમ ગયું તેની તપાસ કરવી જરુરી છે.સહુ પ્રથમ તો પ્રવાસ દરમિયાન તેમની સ્ત્રી મિત્ર કે પત્નીઓને સાથે રાખવાની બોર્ડ તરફથી એકદમ મનાઈ કરી દેવી જોઈએ. તેમજ રમત ઉપરાંત તેમને પ્રેકટીસ માટે પુરતો સમય ફાળવવો જોઈએ.જો જે ખેલાડી આ બાબતો પુરી ના કરી શકે તેમને અધવચ્ચેથી જ પ્રવાસમાંથી પરત મોકલી દેવા જોઈએ.આપણે તેમને અને તેમના કુટુંબીજનો કે મિત્રોને તેમની સાથે પ્રવાસમાં માત્ર શોપીંગ કરવા મોકલતા નથી. પરંતુ દેશ વતીથી ત્યાં રમવા અને સારુ પ્રદર્શન કરવા માટે મોકલીએ છીએ. વધુ પડતા નાંણા મળતાં તેમને નાણાંનો અને મળેલ પ્રસિધ્ધિનો કેફ ચડે છે. તેથી તેઓ નું પ્રદર્શન કથળે છે છતાં તેઓ કોઈને ગાંઠતા નથી. આવા ખેલાડીઓને બાહરનો રસ્તો તરત જ દેખાડી દેવો જોઈએ અને નવા ઉગતા ખેલાડીઓને પ્રાધાન્ય આપવું જોઈએ.એવા કોચ હોવા જોઈએ કે જેમને એ વિષયમાં બહોળું જ્ઞાન અને અનુભવ હોવો જરુરી છે.ફિલ્ડીંગ કોચ, બોલીંગ કોચ,વિગરેનેના નામ ક્યારેક સાંભળ્યા હોય તેમ લાગે અને ન પણ લાગે,એવા લોકો શું શીખવવાના હતા ? એવા બેટીંગ કોચ હોવા જોઈએ કે જેમણે વિશ્વ સ્તર ઉપર સહુથી સારુ પ્રદાન કર્યું હોય તે શીખવી શકે કે ટીપ આપી શકે.આ બાબતે બીસીસીઆઈ સમજે તે જરુરી છે.

મનોજ કે. નાયક

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ઇરોમ ચાનું શર્મિલા આપઘાતનો પ્રયાસ કરે છે કે સત્યાગ્રહ તે કોર્ટે ૧૪ વર્ષે નક્કી કર્યું

મણિપુર રાજયની રાજધાની ઈમ્ફાલમાં આવેલી જવાહરલાલ નહેરુ હોસ્પીટલમાં વર્ષોથી આપઘાતનો પ્રયાસ કરી રહ્યા હોવાના કારણે પોલીસે હોસ્પીટલને જેલમાં ફેરવી નાંખી ૧૪ વર્ષોથી એક સામાજીક કાર્યકરને જેલવાસ ભોગવવા મજબુર કરી .તે કાંઇ ખાતી નથી અને તેને ટયુબ દ્વારા લીકવીડ આપવામાં આવતું હતું. આવું છેલ્લા ૧૪ વર્ષોથી ચાલી આવ્યું હતું.પોલીસે તેની સામે આપઘાતનો પ્રયાસનો ગુનો નોધ્યો હતો.દર ત્રણ અઠવાડિયે કોર્ટમાં મુદત પડતી હતી.ઈરોમને હોસ્પીટલમાંથી અદાલત લઈ જવાતી હતી. અને હાજરી પુરાવીને પાછી હોસ્પીટલમાં મુકી દેવાતી હતી.હવે છેક આટલા વર્ષો પછી મણિપુરની સ્થાનિક અદાલતે ચુકાદો આપ્યો કે ઈરોમને મુકત કરી દેવી. ઈરોમ જે કરે છે તે આપઘાતનો પ્રયાસ નથી પરંતુ ગાંધીએ ચીધેલા માર્ગે સત્યાગ્રહ કરી રહી છે.કોર્ટને આ સમજતા ૧૪ વર્ષ લાગ્યાં અને કદાચ સત્તાવાળાઓને હજુ સુધી તેની સમજ નહી પડી હોય, સત્યાગ્રહ કોને કહેવાય.આપણા દેશની કમનસીબી છે કે ગાંધી ચીધ્યા માર્ગે જે થાય છે એ બહુ મોડું સરકારને સંભળાય છે.ઈરોમ સાચી હોય કે ખોટી હોય ,એ એની જગ્યાએ છે પણ એ જે કરે છે તે લોકશાહી ઢબે કરે છે.તેણીને કાયદા સામે વાંધો છે.અને તેના વિરોધમાં તે લડત આપી રહી છે.તે મીડીયામા જાહેરાતો કરતી નથી કે બરાડા પાડતી નથી. પરંતુ એકલપંડે આંદોલન ચલાવી રહી છે.

૧૪ વર્ષો સુધી એક ધારુ આંદોલન ચલાવવું તે નાની સુની વાત નથી.ભુખ હડતાલ શરુ કરી ત્યારે ઈરોમની ઉમર માત્ર ૨૭ વર્ષની હતી.તેણીએ પોતાની આખી જવાની એક હેતુ માટે સર્મપિત કરી દીધી.બહુ સમય બાદ આપણા દેશે તેને એક હ્યુમન રાઇટસ એક્ટિવિસ્ટ તરીકે સ્વીકારી.ભુખ હડતાલ શરુ થઈ તેના થોડાક વર્ષો સુધી તેની નોધ પણ લેવાઈ ન હતી. તે વિશ્વની સૌથી લાંબો સમય ભુખ હડતાલ કરવાવાળી વ્યક્તિનો રેકોર્ડ ધરાવે છે.અલબત્ત તેણે કોઈ રેકોર્ડ બનાવવા માટે આ આંદોલન શરુ નહોતું કર્યું.તેને તો માત્ર સેનાને વિશેષાધિકાર આપતા કાયદા એએફએસપીએ એટલે કે આર્મ્ડ ફોર્સિસ સ્પેશીયલ પાવર એકટ સામે વાંધો છે.

ઈ.સ.૨૦૦૦ની વાત છે. મણિપુર બસ સ્ટેશન પર સેનાના જવાનોએ આડેધડ ફાયરીંગ કર્યું હતું. સેનાના આ ફાયરીંગમાં ૧૪ લોકોના મોત થયા હતા.આ મોત જોઈને ઈરોમ હચમચી ઉઠી હતી.આ કાયદાના દુરપયોગ સામે ઈરોમે ભુખ હડતાલ શરુ કરી. ઈરોમની હાલત બગડી એટલે પોલીસે તેને ઉપાડીને હોસ્પીટલ ભેગી કરી દીધી. હવે છેક કોર્ટે તેને ૧૪ વર્ષ પછી છોડવાનો આદેશ કર્યો.

આર્મ્ડ ફોર્સિસ સ્પેશીયલ પાવર્સ એકટ ૧૧મી સપ્ટેમ્બર,૧૯૫૮ના રોજ સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદો ડિસ્ટર્બ એરીયામાં શાંતિ જાળવવાના હેતુ માટે સેનાને વિશેષ અધિકારો આપે છે.આ કાયદો સેનાના જવાનોને ઘણા બધા અંશે છુટો દોર આપે છે. એવું કહીએ તો વધારે નથી.વાત, કાશ્મીરની હોય, આસામની હોય,મણિપુરની હોય કે બીજા અશાંત વિસ્તારની હોય, સેનાના જવાનો દ્વારા આ કાયદાના ઉયોગમાં અતિરેક થયાના આક્ષેપો અનેક વખત થયા છે.આર્મીના જવાનો એ બળાત્કાર કર્યાના પણ બનાવો નોધાયા છે.દલીલો એવી પણ છે કે અશાંત વિસ્તારમાં શાંતિ માટે જવાનોના હાથ બાંધી રાખીએ તો કંઇ થઈ શકે નહી માટે કડક પગલાં લેવા પડે.આ કાયદો પાછો એવો છે કે સ્થાનિક રાજ્ય સરકારના ગર્વનર અને અન્ય સત્તાધીશોની મંજુરી બાદ જ તેનો ઉપયોગ કરવામાં આવે.ઈરોન શર્મિલા આ કાયદા સામે લડે છે.સરકાર કાયદો બદલવા માંગતી ના હોય તો પણ તેણે ઈરોમ સાથે વાતચીત તો કરવી જોઈએ.અને તેના વિચારો આ બાબતે સમજવા જોઈએ.અને એટલીસ્ટ એટલી ખાત્રી તો આપવી જોઈએ કે સેનાના જવાનો દ્વારા હવેથી આ કાયદાનો દુરપયોગ થશે નહીં..અને થશે તો તેમની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી થશે.ઈરોમના કિસ્સામાં આવું કશું જ બન્યું નથી.મણિપુરનો પ્રશ્ન ઘણોજ જુનો છે.આજથી પચાસ વર્ષ અગાઉ મણિપુરને સ્વતંત્ર દેશનો દરજ્જો આપવાની માંગણી સાથે ધ યુનાઈટેડ નેશનલ લિબરેશન ફંટ (યુએનએલએફ)ની સ્થાપના કરવામાં આવી હતી.એ પછી પણ અનેક સંગઠનો રચાયા.આ સંગઠનોએ હિંસક રસ્તા અપનાવ્યા. રાજયમાં અશાંતિ ફેલાઈ ગઈ.એ પછી ૧૯૮૦માં સરકારે ત્યાં આ ધ આર્મ્ડ ફોર્સ સ્પેશીયલ પાવર્સ એકટ લાગુ પાડી દીધો.ત્યાર પછી સેનાના જવાનોએ આ કાયદાનો દુરપયગ કરીને લોકો પર અત્યાચાર કર્યાના આક્ષેપો થયા હતા.

ઈરોમ એક કવિયત્રી છે. તે એકદમ સંવેદનશીલ વ્યક્તિ છે. તેને બીજા કોઈ વિવાદમાં રસ નથી. ગત લોકસભાની ચુંટણીમાં તેને આમ આદમી પાર્ટીએ ટીકીટ આપવાની ઓફર કરી હતી.પરતંતુ તેણે ચુંટણી લડવાની ના પાડી.બહુ નમ્રતાપુર્વક તેનો અસ્વીકાર કર્યો.ઈરોમે કહ્યું હતું કે હું તો ચળવળકાર છું. રાજકારણી નથી. મજાની વાત તો એ છે કે ઈરોમને મત આપવાનો અધિકાર પણ અપાયો ન હતો.ઈરોમ ભલે હોસ્પીટલમાં હતી પરંતુ કસ્ટડી તો પોલીસ પાસે હતી.ઈરોમે મતદાન કરવા દેવાની માંગણી કરી હતી પરંતુ તેને મંજુરી આપવામાં આવી નહોતી.

ઈરોમ હવે મુકત છે. તેણે હોસ્પીટલની બહાર રહીને પણ ભુખ હડતાલ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.ઈરોમને અનેક એવોર્ડ મળ્યા છે.તેના પર પુસ્તકો લખાયાં છે.તેને ફકત ન્યાય નથી મળ્યો.અદાલતનો ચુકાદો એ તેની એક નાનકડી જીત છે.પણ ખરી જીત તો તેને હજુ મળવાની બાકી છે.કેવી વિચિત્ર વાત છે. આખી દુનિયા જેને સર આંખો પર બેસાડે છે એ વ્યક્તિની વાતજ દિવાલોમાંથી અથડાઈને પાછી ફરી જાય છે. ક્યારે ઈરોમને ન્યાય મળશે.

આપણા દેશની કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયા એકદમ જટીલ છે.ન્યાયતંત્રને એક વાત સમજતાં ૧૪ વર્ષ લાગે, ત્યાં સુધીમાં તો આ કાયદાએ અનેકોને અન્યાય કર્યા હશે. ગાંધીજીના ગયા બાદ પોતાને લાગતી સાચી વાત માટે સત્યાગ્રહ કરનાર વ્યક્તિ તરીકે ઈરોમને સલામ મારવી પડે.દિલ્હીમાં કેટલાય લોકો ગાંધીજીના નામે ભુખ હડતાલ થોડાક દિવસો બેસીને મીડીયામાં મોટી પબ્લીસીટી કરાવીને પોતાનું મનમાન્યું કરાવ્યાના દાખલા છે.ઈરોમ એક માત્ર એવી વ્યક્તિ છે જેણે ખોટા કાયદા સામે અને નિર્દોષોની હત્યા સામે ૧૪ વર્ષ સુધી જંગ ખેલ્યો.

(કૃષ્ણકાંત ઉનડકટ,સૌ.સંદેશ)

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૯૬

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

છત્તીસગઢમાં વસતા ખ્રિસ્તીઓની સલામતી માટે સરકાર સમક્ષ દાદ માંગાઇ

એક ક્રિશ્ચિયન ગ્રુપ દ્વારા ચીફ સેક્રેટરી, છત્તીસગઢ,રાયપુરને લેખિત અરજી કરવામાં આવી છે કે તેઓ છત્તીસગઢ વિસ્તારમાં વસતા ખ્રિસ્તીઓ માટે સલામતી અને ધાર્મિક સ્વાતંત્રતા બહાલ કરે.કારણકે તેમને ધમકી આપવામાં આવી રહી છે કે તેઓ જો તેમની ધાર્મિક આસ્થા બદલશે નહી તો તેમણે ભયંકર પરિણામોનો સામનો કરવો પડશે.

રેવ.વિજેયશ લાલ, નેશનલ ડીરેક્ટર,રીજીનોલ લીબર્ટી કમિશન ઓફ ધ ઇવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઇન્ડીયાએ તેમના ૧૫ જુલાઇએ વિવેક ધાંડ, ચીફ સેક્રેટરી, ગર્વ.ઓફ છત્તીસગઢ, રાયપુરને લખેલ પત્રમાં જણાવ્યું છે કે બસ્તર વિસ્તારમાં વસતા ખ્રિસ્તીઓ ભારે સંકટનો સામનો કરી રહ્યા છે.તેથી રાજ્ય સરકારે તાત્કાલિક તેમની સલામતી માટે વ્યવસ્થા કરવી જોઇએ.

''હું તમારી જાણમાં લાવવા માંગુ છું અને તે એ છે કે મને મળેલા રીપોર્ટ મુજબ કેટલાક વિશ્વ હિંદુ પરિષદના સભ્યોનું બનેલું ગ્રુપ જે જગદલપુર સ્થિત છે તેઓ આજુબાજુના ગામોમાં જઇને ત્યાં વસતા ખ્રિસ્તીઓને ધમકી આપે છે કે જો તેઓ તેમની આસ્થા છોડશે નહી તો તેમને ભયંકર પરિણામોનો સામનો કરવો પડશે. આ ગ્રુપ દ્વારા જે બે ગામોમાં ખ્રિસ્તીઓને ટાર્ગેટ કરવામાં આવ્યા છે તે ગામો ગડીયા અને પારાપુર છે.આ ઉપરાંત બીલારમાંથી પણ આ પ્રકારની સતાવણીના રીપોર્ટ મળ્યા છે.ખ્રિસ્તીઓને તેમની આસ્થા મુજબ પ્રાર્થના કરવા દેવાની મનાઇ ફરમાવાઇ રહી છે. અને જો તેમ કરે તો તેમને તેમના ગામો છોડીને જતા રહેવું પડશે.તેથી હું ખુબજ ગભરાયેલ છુ અને તેમને આ બાબતે ઘટતાં તાત્કાલિક પગલાં લેવા માટે વિનંતી કરુ છું.કદાચ પરિસ્થિતિ ગંભીર બને તો લઘુમતીઓ સામે હિંસક વારદાતો બની શકે.તેથી હુ આપને નમ્ર વિનંતી કરુ છુ કે આ ગંભીર પરિસ્થિતિમાં તમે આ લોકોની સલામતી માટે ચિંતા કરો અને તેમને મદદ પહોચાડો.''

આ ઉપરાંત બીજા સમાચાર પણ આવ્યા છે અને તે પ્રમાણે કુમેરી,જે કીશકલની નજદીક છે ત્યાં એક ખ્રિસ્તીનું ઘર સળગાવી દેવાયેલ છે.મી. અંતુ રામને કહેવામાં આવ્યું હતું કે તેઓ આ વિસ્તાર છોડી જાય અને ૨૦૦૦ રુપીયાનો દંડ ભરે.દંડ ભર્યા છતાં પણ તેનું ઘર સળગાવી દેવાયું હતું.હાલમાં તે પ્લાસ્ટીક શીટની છત બનાવીને તેના કુટુંબ સાથે અહીયા રહે છે.તેના ત્રણ બાળકો અને તેના માતાપિતા તેના કુટુબંના સભ્યો છે.જે હાલ આ પરિસ્થિતિનો ભોગ બન્યા છે.

છત્તીસગઢના ૫૦ ગામોમાં ખ્રિસ્તી મિશનરીઓને આવવાની મનાઇ હિંદુ કટ્ટરવાદીઓ તરફથી અને તેમની પંચાયતો તરફથી ફરમાવ્યા બાદ આ નવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.ખ્રિસ્તીઓનો અને તેમના મિશનરીઓનો વિરોધ કરવાનું કાર્ય વિશ્વ હિંદુ પરિષદ તરફથી યોજવામાં આવ્યું છે.કેટલાક ગામોમાં ખ્રિસ્તી લોકોને રેશનીગની દુકાનો પરથી રેશન આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.આમ ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં રચાયાને માત્ર થોડાક દિવસોમાં કટ્ટરવાદીઓએ પોતાના કટ્ટરવાદના મનસુબા છતા કરી દીધા છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

જજની નિમણુંકનો ૨૦ વર્ષ જુનો કાયદો બદલવાની ઐતીહાસિક પ્રક્રિયાને સંસદની બહાલી

જજની નિમણુંકનો ૨૦ વર્ષ જુનો કાયદો બદલવાની પ્રક્રિયામાં સંસદમાં આ ઐતિહાસિક ખરડાને મંજુર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ રાજ્યસભામાં પણ તેને પસાર કરવામાં આવ્યો હતો.હવે ન્યાયાધિશોની નિમણુંક માટે કાર્યરત કોલેજીયમ વ્યવસ્થાની જગ્યા ન્યાયિક નિયુક્તિ આયોગ લેશે.બિલ કાયદો બન્યા બાદ સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના ન્યાયાધીશોની નિમણુંક ન્યાયિક નિયુક્તિ આયોગ કરશે.

ન્યાયાધીશોની નિયુક્તિ માટેની કોલેજીયમ વ્યવસ્થા ૧૯૯૩થી ચાલુ હતી.કોલેજીયમ વ્યવસ્થાને બદલવાની કવાયત ઘણા લાંબા સમયથી ચાલી રહી હતી. પરંતુ તે અંગે સર્વસંમતિ બનાવી તેને અમલી બનાવવાનું શ્રેય એનડીએ સરકારને જાય છે.

જો કે આ પ્રક્રિયાનો વિરોધ દેશના બે મહાન કાયદા શાસ્ત્રીઓ એ કર્યો છે તેમાં પ્રથમ સુપ્રીમ કોર્ટના બાહોશ વકીલ ગણાતાં રામ જેઠમણાલીએ તથા નરી ફલીમાને તેનો વિરોધ કર્યો છે અને તેઓ આ બાબતને સુપ્રીમ કોર્ટમાં પડકારશે.કેટલાક જાણકારોનું એવું માનવું છે કે સરકાર પોતાની તરફેણ કરતા જજજોની નિમણુંક કરી શકશે. ન્યાયતંત્રની આગવી છાપ આમ ભુસાઇ શકે છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ઇબોલાના રોગચાળા વિરુધ સતેજતા વર્તવા બિશપ ઓફ ઘાનાની અપીલ

ધ પ્રીમેટ એન્ડ મેટ્રોપોલીટીન ઓફ ધ ચર્ચ ઓફ ધ પ્રોવીન્સ ઓફ વેસ્ટ આફ્રિકા અને બિશપ ઓફ કુમાસી ઇન ઘાના, મોસ્ટ રેવરંડ ડો.ડેનીયલ સર્ફોએ તમામ ખ્રિસ્તીઓને એક રવિવાર ઇબોલા રોગચાળા માટે પ્રાર્થના કરવા અપીલ કરી છે.ઇબોલા એક એવા પ્રકારનો રોગચાળો છે કે જે સામુહિક જીવનો હણે છે.એક ઇન્ટરવ્યુમાં બિશપ સર્ફોએ જણાવ્યું હતું કે અમો એગ્લીકન ચર્ચોને આ બાબતે પ્રોત્સાહન આપીએ છીએ કે તેઓ એક રવિવાર ઇબોલા રવિવાર તરીકે પાળે.અને લોકોને આ માટેની જાગૃતિ માટે એકઠા કરે.

આર્ચબિશપે એગ્લીકનોનો ખાસ રોલ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે તેઓ જે તે દેશોમાં લોકોને આ બાબતે એકઠા કરે,સરકારને ચેતવણી આપે અને તેના માટે જરુરી સંશાધનો એકઠા કરે.ખાસ કરીને મેડીકલ સપ્લાય જે વિસ્તારોમાં જરુરી છે ત્યાં મોકલવામાં મદદરુપ બને.તાજેતરમાં આર્ચબિશપ ઓફ ઇન્ટરનલ પ્રોવીન્સ ઓફ વેસ્ટ આફ્રિકાએ જે દેશો આ રોગચાળાનો ભોગ બન્યા છે તે લીબેરીયા, રીયેરા લીયોન અને ગીયાના ખાસ દેશો છે.ત્યાં સર્જીકલ ગ્લોવ્સ,ક્લોરીન અને બેઝીક હાઇજીન કીટ્સની ઇબોલા રોગચાળા સામે લડવા માટે જરુરી છે.

ઘાનામાં હજુ સુધી એક પણ કેસ નોધાયો નથી.પરંતુ સરકાર આ રોગચાળાને રોકવા માટે તમામ પ્રયત્નો કરી રહી છે.જેથી તેને અન્ય પડોશી દેશોથી આવતો રોકી શકાય.ઘાનામા આ રોગચાળા બાબતે સરકાર તરફથી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.એગ્લીકન ચર્ચો પણ આમાં સામેલ થયા છે.સરકારે આ માટે પુરતા સંસાધનો પુરા પાડ્યા છે.તેમજ તપાસણી માટેના કેન્દ્રો એરપોર્ટ અને સરહદો પર શરુ કરી દીધા છે.એગ્લીકન ચર્ચો માટે આ પડકાર જનક સમય છે.આ ઉપરાંત તેમની સાથે કામ કરતી સંસ્થાઓ સાથે કેવી રીતે મદદરુપ થવું તે પણ તેમના માટે અગત્યની બાબત છે. આ ઉપરાતં જરુરતના સમેય અને જેઓ તેના ભોગ બન્યા છે તેમના માટે પ્રાર્થના માટે પણ ખાસ જરુરીયાત છે.

આર્ચ બિશપ સર્ફોએ જણાવ્યું હતું કે ચર્ચે તેમના પાસ્ટરોનો પણ ઉપયોગ કરવાનો છે તેઓ ચર્ચોની અંદર ચાલતી વિધિ માટે પણ શિક્ષણ આપવાનું છે તેમજ પ્રભુ ભોજન માટે પણ તેમણે ખાસ તૈયારી રાખવાની છે.ધાર્મિક વિધિ કરાવતા પાળકોને તેમની જુની પુરાણી પધ્ધતિઓ છોડી ને કોમ્યુન કપ જુદા જુદા વાપરવાની સલાહ અપાઇ છે. અત્યાર સુધી એક કપ દ્વારા પ્રભુ પ્રસાદ આપવામાં આવતો હતો.

નાઇજીરીયાના એગ્લીકન ચર્ચના મોસ્ટ રેવરંડ નીકોલસ ઓકોપે જણાવ્યું હતું કે આપણે શાંતિના સમયમાં હસ્તધુધન કરીએ છીએ પરંતુ રોગચાળાના સમયમાં તે પધ્ધતિ રોગચાળાને ફેલાવવામાં મદદરુપ થાય છે તેથી તેને હાલમાં રોકવી જોઇએ.તાજેતરમો વર્લ્ડ હેલ્થ ઓરગેનાઇઝેશન ના રીપોર્ટ માં જણાવાયું હતું કે આ વર્ષે ઇબોલા ફાટી નીકળ્યો તે કદાય વેસ્ટ આફ્રિકાના ઇતિહાસમાં સહુ પ્રથમવાર બનેલી ઘટના છે.વેસ્ટ આફ્રિકામાં તેના ૨૨૦૦ કેસો નોધાયા છે અને ૧૨૨૬ જેટલા લોકોના આ રોગચાળાથી મોત નિપજ્યા છે.આ રોગચાળાથી ચાર દેશોને અસર પહોચી છે. જેમાં વેસ્ટ આફ્રિકા, ગુયેના, લીબેરીયા,નાઇજીરીયા,સીએરા લીયોનનો સમાવેશ થાય છે.વિશ્વમાં ઝડપથી આ રોગ પ્રસરી ના જાય માટે તકેદારીના પગલાં લેવાઇ રહ્યા છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

'જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઇ ' :સંત કબીરજી

સદગુણ એ માણસની શોભા છે. સદ્‌ગુણો જ એનું ગૌરવ થાય છે.એ ગુણો ક્યાંય રસ્તામાં પડ્યા હોતા નથી.માણસે એ મેળવવા પડે છે. માણસમાં જો સદ્‌ગુણ ના હોય, એની પાસે ભારોભાર ધન-દોલત હોય પણ એ કથીર સમાન છે. માણસના સદ્‌ગુણો તેને માન-મોભો અપાવે છે.બીજા બધા આદર કરતાં સદ્‌ગુણોનો આદર એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. એ સદગુણો ક્યાંથી આવે ? તો બાળકના જન્મ સાથે જ એના કુટુંબમાંથી મળતા હોય છે.સદ્‌ગુણો એ પરંપરાગત પેઢીઓના પુણ્યપ્રતાપે પ્રાપ્ત થાય છે.આપણી સૌથી મોટી કરુણતા એ છે કે ,માણસના સદ્‌ગુણોને ઓળખનારા ઓછા હોય છે.પણ દુર્ગુણોની તો ચોરેને ચૌટે વાતો થતી હોય છે. આજે આપણે જોઈએ તો જગત પર અસત્યનું આક્રમણ જોરશોરથી થઈ રહ્યું છે.એમાં કદાચ ખોટું કરનારાઓની સંખ્યા ઓછી હશે છતાં દુર્ગુણોનું ઘોડાપુર ઉમટ્યું હોય તેવો ભાસ થાય છે. સદ્‌ગુણીઓ દુષણોથી દુર રહેવા પ્રયત્ન કરે છે.અને એક નાનકડો દુર્ગુણ આખા સમાજ પર છવાઈ જાય છે.માણસની સાચી ઓળખ જ એના ગુણ છે.દુર્જનોથી દુર રહેવું એ સદ્‌ગુણીનું લક્ષણ છે. કાલિદાસે કહ્યું છે :' અવગુણ એ નાવના તળિયાના બાકોરા જેવુ છે, જે નાનુ હોય કે મોટું એક દીવસ એને ડુબાડે છે. 'જેને ડુબવું નથી તે અવગુણીયલો થી દુર રહે છે. ' દુર્જન સાથે મિત્રતા કરવી નહી, તેમ વેર રાખવું નહી, અંગારો જ્યારે ગરમ હોય ત્યારે દઝાડે છે અને ઠંડો પડે ત્યારે હાથ કાળા કરે છે.' આ તો સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ જેવી સ્થિતિ પેદા થાય છે. ચાણક્યે કહ્યુ છે કે :' ગુણોનું જ બધે સન્માન થાય છે.તેના વંશનું નહી'

કન્ફ્યુશિયસે કહ્યું છે :'ધનથી સદગુણ પ્રાપ્ત થતાં નથી પરંતુ સદ્‌ગુણોથી જ ધન અને અન્યન્ય ઇચ્છીત વસ્તુ પ્રાપ્ત થાય છે. 'સદગુણ એ જ માણસની સર્વોત્તમ મુડી છે. પણ આજના સમયમાં સદ્‌ગુણોવાળો માણસ હતાશ થઈ જાય છે.એને ચોમેરથી ફિટકાર મળતો હોય છે. એવો ભાસ થાય છે. પણ સરવાળે એ સાચું નથી.એ સાચું છે કે સમાજમાં શેતાની વૃત્તિવાળો એકાદ માણસ પણ આખા સમાજને દુષિત કરે છે. પરંતુ વિનોબાએ એક ખુબ સારી વાત કરી છે. 'માણસનું જીવન એક મકાન છે, એમાં દોષરુપી દીવાલો અને ગુણરુપી દરવાજા છે. ગમે તેવા ગરીબ ઘરનેય એક દરવાજો તે રહેલો જ, તમારે ઘરમાં પ્રવેશ કરવો હશે તો તે દરવાજામાંથી જ જઈ શકાશે. દીવાલોથી પ્રવેશવા જશો તો માથુ ફુટી જશે' આપણે હંમેશા બીજાના દોષ જ જોતા હોઈએ છીએ.દુર્જનમાં પણ કંઈક સારાપણું હોય છે.આપણાંમાં ય અવગુણો તો હોવાનાજ.જેમ સિક્કાની બે બાજુ હોય છે એ રીતે આપણામાં જે સારા ગુણો છે તેનો સદ્‌પયોગ થાય અને જે ખરાબ ગુણો છે એને દુર કરવાનો પ્રયત્ન કરીએ તો ઘણુ મેળવી શકીએ.સાધારણ દોષોને કાઢી નાંખવાની ચીવટ રાખઝો, તો તમારુ જીવન ઉન્નત બની જશે.

માણસ ક્યા કુળમાં જન્મ્યો છે તે મહત્વનું નથી. પણ એનામાં કેવા ગુણો છે એના આધારે એનું મુલ્ય અંકાય છે. ગુણથી ગૌરવ વધે છે. કમળનો જન્મ કાદવમાં થતો હોવાં છતાં તેના ગુણના કારણે તેને ભગવાનના મસ્તક પર ધરાય છે.જેનામાં સદગુણ છે એનામાં એની સભાનતા હોય તો એને નુકશાન કરે છે એની સભાનતા જ એનો દુર્ગુણ બની જાય છે. સદ્‌ગુણ જ માણસને મહાન બનાવે છે.તંદુરસ્તી વિના સુખી રહેવું એ મુશ્કેલ છે. તો સદ્‌ગુણો વિના સારા બનવું એથીય મુશ્કેલ છે.ધર્મનો બાહ્યાડંબર કરવાથી ગુણિયલ બની જવાતું નથી .લિયો ટોલ્સટોયે કહ્યું છે : ' અત્યારની જેમ પહેલાં પણ ધર્મ મુખ્યત્વે તે લોકોના વિશ્વાસ અને વ્યવસાયનો વિષય હતો જે આળસું અને અધર્માચરણી હતા અને પોતાને અતિશય મહત્વ આપતા હતા, પરંતુ યોગ્યતા, પ્રામાણિકતા, ભલાઈ, સજ્જનતા અને સદાચારી વગેરે ગુણો અધિકતર નાસ્તિક લોકોમાં જ જોવા મળે છે. '

સસ્તસંગી બુધ્ધિની જડતાને દુર કરે છે.વાણીમાં સત્યનો સંચાર કરે છે. સન્માનમાં વૃધ્ધિ કરે છે. પાપોનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે.અને દસે દિશાઓમાં કિર્તિ ફેલાવે છે.બતાવો સત્સંગતિ માણસ માટે શું નથી કરતી ? સત્સંગતિ તો ધુપસળી જેવી છે.જે સ્વંય બળીને બીજાને સુવાસ આપે છે.સત્સંગતિ તો ગુલાબનું ફુલ છે., જે શોભા સાથે સુવાસ આપે છે. સત્સંગતિથી માણસનું જીવન સુધરી જાય છે.સત્સંગતિથી માણસના અવગુણોની દુર્ગંધ દુર થઈને ગુણની સુગંધ ફેલાય છે.સત્સંગતિ પામનાર માણસ પણ સર્વત્ર પુજનીય બને છે.તેને પણ બધેથી માન-સન્માન મળે છે.સત્સંગતિથી માણસમાં રહેલી નબળાઈઓ, ખરાબ ભાવનાઓનો નાશ થાય છે.સત્સંગતિથી માણસનું મન નિર્મળ બની જાય છે.જેથી સંસારમાં રહેતો હોવા છતાં સંસારની કોઈ લાલચ તેને આર્કષી શકતી નથી. ચાણક્યની નીતીસુત્રાણી (૫૧૯)માં કહ્યું છે : ' સજ્જનોનો સંગ સ્વર્ગમાં વાસ કરાવે છે. ' જે સદ્‌ભાગી હોય એને જ સારી સંગતી મળતી હોય છે.અપેક્ષાઓ ક્યારેય પુરી થતી નથી.તેથી એક પછી એક અપેક્ષાઓ જાગતી રહે છે. એના કારણે માણસ અધોગતિની ગર્તામાં ડુબતો જાય છે.પણ જો એને કોઈ ઉત્તમ પુરુષનો સંગ મળી જાય તો એના જીવનમાં એક નવુંજ પ્રકરણ શરૂ થતું હોય છે.એક ઉત્તમ વિચાર માણસના જીવનનું પરિવર્તન કરતો હોય છે.

માણસના ગમે તેવા અવગુણ હોય પણ એ સજ્જન સાથે સંગતિ થઈ જાય તો તે પણ સજ્જન બની જતો હોય છે.માણસનું મન તો એટલું ચંચળ છે કે જેની સાથે જાય એવું બની જાય છે.' કાચ પણ કંચનનો સંગ મેળવને લીલમ મણીની શોભા પ્રાપ્ત કરે છે. ' હિતોપદેશની પ્રસ્તાવનામાં આમ કહેવાયું છે.કબીરે કહ્યું છે :' જો જૈસી સંગત કરે સૌ તૈસે ફલ ખાઇ ' જેવી સંગતિ એવું ફળ મળતું હોય છે.બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખવી એ મુર્ખામી ગણાય.માણસનો સાચો સાથી માત્ર ગ્રંથ છે.ઉત્તમ ગ્રંથનું વાંચન માણસને સાચો રસ્તો બતાવે છે.માણસે ગ્રંથનો સંગ કરવાનો છે.જેથી મનમાં કોઈ ખરાબ વિચારોનું પ્રગટીકરણ ના થાય.સત્સંગતિ એ માણસ માટે ઔષધી છે. એ એવી ઔષધી છે જેના કારણે બધાં દુઃખો દુર થઈ જાય છે.નીતીશાસ્ત્રમાં કહ્યું છે : ' સત્ય જ માતા, જ્ઞાન જ પિતા, ધર્મ જ ભાઈ, દયા જ મિત્ર, શાંતિ જ પત્ની, ક્ષમા જ પુત્ર એ છ મારા ભાઈઓ છે.'એવા માણસની સંગતિથી માણસના જીવનમાં વસંત ઋતુ આવી જાય છે.માણસની દુર્જનતારૂપી પાનખરનો અંત આવી જાય છે.

જે સાચો સંત છે એ ઉપદેશ આપતો નથી.એનો પ્રભાવ અને એનુ મૌન જ બધું કહી દેતું હોય છે.કોઈએ કહ્યું છે કે સંત પુરુષ જો કોઈ ઉપદેશ ન આપે તો પણ એની પાસે જવું ઉત્તમ છે.સત્પુરુષનો સંગ એ જીવનની અમુલ્ય મડી ગણાય છે.તેમનો જેટલો સંગ મળે એટલો લાભ લઈ લેવો જોઈએ.જેથી આપણા જીવનને નવો રાહ મળે છે. એનું કારણ એ છે કે અત્યારે જીવનને અમુલ્ય લ્હાવો મળ્યો છે એ કાલે ન પણ મળે.ફારસીમા હાફિજે ' દીવાન 'માં એક શેરમાં કહ્યું છે : ' જેમના માત્ર પડછાયાથી જ હ્‌દયમાં પ્રકાશ થઈ જાય છે એવી વિલક્ષણ વસ્તુ, સંતોની સત્સંગતિમાંથી પ્રાપ્ત થાય છે. 'તેથી સત્સંગતિ અત્યંત જરુરી છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને હટાવવા ઝુંબેશ

પાકિસ્તાનના વડા પ્રધાન નવાઝ શરીફની સામે વિપક્ષના નેતા ઈમરાન ખાને ચળવળ શરુ કરી દીધી છે.તેમજ મંત્રણા સ્થગિત કરી રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન પણ કરી દીધું છે. તેમના સર્મથકો સંસદ અને વડાપ્રધાનના મકાનની આજુબાજુ ઘેરાવ કરીને બેઠા છે. સુપ્રીમ કોર્ટે વિરોધ પ્રદર્શનના મુદ્દે હાથ ખંખેરી નાંખતા ઈમરાન ખાન અને તેમના સમર્થકોએ પુરા જોશથી લડત આગળ ચલાવી છે.ઈમરાન ખાનની લડતમાં સાથીદાર તરીકે અવામી તેહરીકના વડા મૌલવી તાહીરુલ કાદરીએ પણ સરકાર સાથે મંત્રણા કરવાની મનાઈ કરી હતી.સુપ્રીમ કોર્ટ દ્વારા સંસદને બાનમાં લઈને વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોનો હટી જવાનો આદેશ કરવાની સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ વહીવટી બાબત છે અને તેને કાયદા મુજબ હલ કરવી જોઈએ.આ રીતે કોર્ટે હાથ ખંખેરી નાંખ્યા હતા.ઈમરાન ખાને નવાઝ શરીફના રાજીનામાની માંગણી કરી હતી.તેમજ જણાવ્યું હતું કે જ્યાં સુધી નવાઝ શરીફ રાજીનામું નહી આપે ત્યાં સુધી સંસદ ભવન ખાતેથી તેના સમર્થકો હટશે નહી.

ઈમરાન ખાને તેમના સમર્થકોને આ સવિનય કાનુન ભંગની લડતને દેશના તમામ પ્રાંતોમાં લઈ જવાની હાકલ કરી હતી.જો કે ઈમરાન ખાનની ચળવળથી પાકિસ્તાનમાં ચુંટાયેલી સરકાર ના અસ્તિત્વ સામે ખતરો ઉભો થયો છે. સરકારને કોર્ટ તરફથી પણ કોઈ પીઠબળ મળ્યું નથી.હવે લશ્કર આ બાબતે શું રોલ અદા કરે છે તે જોવાનું તેઓ ઈમરાનની પડખે જાય છે કે પછી નવાઝ શરીફની તરફેણ કરે છે.

જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.